ગાંધીનગર સમાચાર

# ગાંધીનગરમાં ઉલ્લાસભેર ઉજવાયો સ્વાતંત્ર્ય દિન

## દેશભક્તિ ગીતો, શૌર્યગીતો, અભિનયગીતો અને દેશભક્તિ નાટકો બાળકોએ રજુ કર્યા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરની શાળાઓ અને સંસ્થાઓમાં ૧૫મી ઓગષ્ટ-૨૦૧૩ના રોજ ૬૭માં સ્વાતંત્ર્ય દિનની ખુબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી, ધ્વજ ફરકાવી સૌએ સલામી આપી હતી. રાષ્ટ્રીય પર્વ સૌએ દેશભક્તિ ગીતો, નાટકો, ગૃપ ડાન્સ અને દેશના નારા સાથે રાષ્ટ્રીય ગીતનું ગાન કરીને મનાવ્યું હતું.

### ● વહાણવટી વિદ્યાલય

ગાંધીનગર શહેરના સેક્ટર-૭માં આવેલી વહાણવટી વિદ્યાલયમાં ૬૭માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ધ્વજવંદન શાળાના સંચાલક ગિરીશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આચાર્યા હિનાબેન પંડ્યા, પ્રીતિબેન રાવલે આ પ્રસંગે રાષ્ટ્રગીત, વંદે માતરમ્ ગીત, ઝંડા ગીત, દેશભક્તિ ગીત અને શૌર્યગીત રજૂ કર્યા હતા. બાળકોને મિનાક્ષીબેન ચાવડાએ સ્વાતંત્ર્ય દિન નિમિત્તે વિશેષ માહિતી આપી હતી, કાર્યક્રમનું સંચાલન મનિષભાઈ પ્રજાપતિએ કર્યું હતું.

### ● પ્રેરણા વિદ્યાલય

પ્રેરણા વિદ્યાલયમાં ૬૭માં સ્વાતંત્ર્ય દિનની ઉલ્લાસપૂર્વક ઉજવણી થઈ હતી. આ પ્રસંગે શાળાના જી.એસ. દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવી ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીત, અભિનય ગીત, નાટક, જમ્પરોપ અને ફેન્સીંગનો ડેમો યોજાયો હતો. ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા અને નરેશભાઈ શાહે હાજરી આપી બાળકોને પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું અને વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આભાર વિધિ આચાર્યા સ્વાતિબા રાઓલે કરી હતી.

### ● આર.જી. માધ્યમિક અને એસ.બી. પટેલ ઉ.મા. શાળા

આર.જી. માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ ઉ.મા. કન્યા શાળા, સે. ૨૩, ગાંધીનગર ખાતે ૬૭માં સ્વાતંત્ર્ય દિનની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી. સમારંભમાં શાળાનાં ભૂતપૂર્વ આચાર્યા અને




વર્તમાન હોસ્ટેલ સુપ્રિટેન્ડન્ટ શ્રીમતી કૌશલ્યાબેન પરીખ મહેમાન તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા. ત્રિરંગાને ગર્વભેર સલામી આપી, ધ્વવજવંદન કાર્યક્રમ બાદ શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા વિવિધ કાર્યક્રમો પણ રજૂ કરવામાં આવ્યા. શાળામાં ચાલતા ચારેય ગૃહની વિદ્યાર્થિનીઓએ નૃત્યો રજૂ કર્યા હતા. આ પ્રસંગે દેશભક્તિગીતો પણ રજૂ કરવામાં આવ્યા હતા. મહેમાનપદેથી બોલતાં શ્રીમતી કૌશલ્યાબેન પરીખે ઉપસ્થિત વિદ્યાર્થિનીઓને સ્વાતંત્ર્ય દિનનું મહત્વ સમજાવ્યું હતું. શાળાના આચાર્યા સુધાબેન પટેલે પણ પોતાનો સંદેશ વિદ્યાર્થિનીઓ સુધી પહોંચાડ્યો તથા સમગ્ર કાર્યક્રમ સુંદર રીતે, સફળતાપૂર્વક પાર પડે તે રીતે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમને અંતે સ્વાતંત્ર્ય પર્વની ખુશાલીમાં ઉપસ્થિત સર્વેને ચોકલેટ આપી મોં મીઠું કરાવવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સરોજીની ગૃહની વિદ્યાર્થિનીએ 'એ મેરે વતન કે લોગો' તથા કસ્તૂરબા ગૃહની વિદ્યાર્થિનીઓએ 'હે પ્રિત જહાં કી રીત સદા' ગીતો રજૂ કર્યા. લક્ષ્મીબાઈ ગૃહની વિદ્યાર્થિનીઓ દ્વારા 'દેશ રંગીલા' તથા ઈન્દીરા ગૃહની વિદ્યાર્થિનીઓ દ્વારા 'આઈ લવ માય ઈન્ડિયા'એ ગીત પર સુંદર નૃત્યો રજૂ કરવામાં આવ્યાં.

આ ઉપરાંત રાજભવન ખાતે મહામહિમ રાજ્યપાલના હસ્તે ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો જેમાં શાળાની એન.સી.સી.ની ૧૦ વિદ્યાર્થીનિઓ તથા શાળાના સુપરવાઈઝર ગીતેષભાઈ પટેલ અને શાળાના આચાર્યા સુધાબહેન પટેલ હાજરી આપી હતી.

### ● આદર્શ નિવાસી અ.જા. કુમાર શાળા

આદર્શ નિવાસી શાળા (અ.જા.કુમાર) સે. ૮, ગાંધીનગર ખાતે ૬૭મા સ્વાતંત્ર્ય પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

શાળાના જી.એસ. મકવાણા પ્રકાશ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પાવન પર્વ પ્રસંગે છાત્રાલયના વોર્ડનશ્રી જી.આઈ. પરમારે પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું હતું. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, વક્તૃત્વ સ્પર્ધા તથા દેશભક્તિની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશભક્તિ ગીતમાં કુલ ધોરણ - ૯ થી ધોરણ-૧૨ સુધીના કુલ ૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં રાણા જીતેન્દ્ર પ્રથમ, સોલંકી મેહુલ દ્વિતીય અને પરમાર બિપીન તૃતીય નંબરે આવેલ હતા. વક્તૃત્વ સ્પર્ધામાં કુલ ધોરણ-૯ થી ધો. ૧૨ના ૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ નંબરે પરમાર બિપીન, દ્વિતીય નંબરે શ્રીમાળી જતિન અને તૃતીય નંબરે પરમાર કિશન આવેલ હતો. આ ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમાં સમુહ ગીત, હોકબારી ડાન્સ, હાસ્ય નાટક, ભોડી ડાન્સ, ચોર પકડાયો નાટક, આદિવાસી નૃત્ય, બ્રાઝિલ ડાન્સ, ગીત પર ડાન્સ તેમજ હીપ પોપ ડાન્સ રજૂ કરવામાં આવ્યો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન ધો. ૧૨ના વિદ્યાર્થી રાણા જીતેન્દ્રએ કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી ટી.સી. બ્રહ્મભટ્ટે કર્યુ હતુ. કાર્યક્રમના અંતમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને શાળાના આચાર્યા શ્રીમતી એમ.જે. કટારાએ અભિનંદન પાઠવ્યા હતા.

### ● પ્રતાપસિંહ હિન્દી વિદ્યાલય

ગાંધીનગર શહેરના સેક્ટર-૩૦માં આવેલી પ્રતાપસિંહ હિન્દી વિદ્યાલયમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી હર્ષોલ્લાસ સાથે થઈ હતી. પ્રાર્થના અને સ્વાગત નૃત્યથી કાર્યક્રમ શરૂ કરાયો. આચાર્ય યુવરાજસિંહ દ્વારા સ્વાગત




પ્રવચન અને મહેમાન સુનિતા શર્મા અને ટ્રસ્ટી અર્જૂનસિંહ વાઘેલાનું સુતરની આંટીથી સ્વાગત કર્યુ. ટ્રસ્ટી શોભનાબાએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું. આ પ્રસંગે સંજય કનોજીયા અને ઉદ્‌ઘોષક નરેન્દ્રસિંહે કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું.


### ● જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય

જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં નોન ગ્રાન્ટેડ વિભાગની વિદ્યાર્થિની પૂર્વિ બારોટના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. સર્વે સંસ્થાઓ માટેના કાર્યક્રમમાં પ્રમુખ મણિભાઈ ચૌધરી, મંત્રી શંકરભાઈ ચૌધરી અને મંડળના સભ્યો હાજર રહ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમમાં કૃપા ઠક્કરે સ્વાતંત્ર્ય દિન વિશે વક્તવ્ય તથા નિશા મનસૂરીએ વીર શહીદ ભગતસિંહ વિશે વક્તવ્ય આપ્યું હતું. મનોરંજન મંત્રી અરૂણાબેન ચૌધરીએ આચાર્યા પ્રવીણાબેન ચૌધરી અને કર્મચારીના સહકારથી કાર્યક્રમ સંપન્ન થયો હતો.

### ● સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યાલય


સ્વાતંત્ર્ય દિન નિમિત્તે સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિરમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના શાખા પ્રબંધક કીર્તિદાબેન રાઠોડ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષ તરીકે કૃષિ ભવનના નિયામક ડૉ. આર.એ. શેરસિયા ઉપસ્થિત રહ્યા હતા. સમાજ સુરક્ષા ખાતાના અધિકારી અને કર્મચારી ગણ હાજર રહ્યા હતા અને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

### ● સ્કૂલ ઓફ એચિવર




સ્કૂલ ઓફ એચિવર-કુડાસણ ખાતે ભારતના ૬૭માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ૧૪ ઓગષ્ટે શાળામાં બંને માધ્યમના ધો. ૧ થી ૧૦ના વિદ્યાર્થીઓ સમક્ષ સંસ્થાના એમ્પિ થિયેટર ખાતે 'અજોડ ભારત' અંતર્ગત દેશભક્તિના માહોલમાં, ભક્તિભાવભરી ઉજવણી સંપન્ન થઈ તથા ૧૫ ઓગષ્ટે સંસ્થામાં મેનેજીંગ ટ્રસ્ટી પ્રજ્ઞેશભાઈ પટેલના વરદ્ હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાવામાં આવ્યો હતો.

સંસ્થામાં બે દિવસ સુધી બે ભાગમાં યોજાયેલા આ કાર્યક્રમ પ્રસંગે 'ભારત હમ કો જાન સે પ્યારા હૈ' સ્વતંત્રતા ગીતની પ્રસ્તુતિ થયા બાદ શાળાનાં બાળકો હાથમાં ધ્વજ અને ૨૦ થી વધુ બેનર્સ લઈ સફેદ અને ત્રિરંગી વસ્ત્રોમાં સજ્જ થઈ 'ગાંધી બાપુ અમર રહો, ભારત માતા કી જય, વંદે માતરમ્' વગેરે સૂત્રોચ્ચાર સાથે સ્વાતંત્ર્ય રેલીમાં જોડાયા હતા. ધો. ૯ના દિયેકર વ્રજે ભારતના સુપરસ્ટાર અમિતાભ બચ્ચનના સ્વરમાં અભિનય સહ વર્તમાન ભારતનું પ્રેઝન્ટેશન ક્લીપીંગ મુજબ કર્યું હતું. શાળાનાં બાળકોએ ભાતીગળ વસ્ત્રોમાં ભારતીય સંસ્કૃતિનાં હિન્દુ ધર્મો, તહેવારો, દિશાઓ, શસસ્ત્ર રક્ષકદળો અને વિવિધ રાષ્ટ્રીય પ્રતિકોના વિભિન્ન પાસાંઓની ઝાંખી સુંદર રીતે રજૂ કરી હતી. શાળાનાં બાળકોએ નૃત્યગીત અભિનય સાથે દેશભક્તિનાં ગીતો રજૂ કર્યા હતા. ૧૫મી ઓગષ્ટે શાળાના શિક્ષકોએ પણ બુલંદ કંઠે સંગીતના સૂરે દેશભક્તિનાં ગીતો રજૂ કર્યા હતા. સંસ્થાના ઓડિટોરીયમમાં મેનેજીંગ ટ્રસ્ટી પ્રજ્ઞેશ પટેલે પ્રાસંગિક પ્રવચન કરી સંસ્થા




પરિવારના સભ્યોનું અભિવાદન કરી સૌને બિરદાવ્યા હતા.

### ● સરકારી પ્રાથમિક શાળા નં. ૧, સે. ૨૮

ગાંધીનગરની સેક્ટર-૨૮માં આવેલી સરકારી પ્રાથમિક શાળા નંબર-૧માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે લાયોનેસ ક્લબના પ્રમુખ અને ક્લબના સભ્યોના સાનિધ્યમાં સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. ધ્વજવંદન કાર્યક્રમમાં માઈક્રો શોપિંગના મહામંડળના પ્રમુખના અધ્યક્ષતામાં પાંચ વિદ્યાર્થીઓને શિક્ષણ અર્થે દત્તક લેવામાં આવ્યા છે. લાયોનેસ ક્લબના પ્રમુખે શાળાના તમામ ૧ થી ૭ વિદ્યાર્થીઓને કંપાસ, નોટબૂક, ચોપડા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકોને પણ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્યા રાબિયાબેન દેસાઈએ બાળકોને રાષ્ટ્રીય પર્વના અભિનંદન પાઠવ્યા હતા.

### ● ફતેપુરા સરકારી પ્રાથમિક શાળા સે. ૧૫

ફતેપુરા સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૧૫માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ગામના અગ્રણી આગેવાનો, વાલીઓ, એસ.એમ.સી. સભ્યો, બાળકો સાથે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. વડીલ ચંદુજી ભગતના હસ્તો ધ્વજારોહણ થયું હતું. દેશભક્તિ અને શૌર્યગીતો રજૂ થયા હતા. ગ્રામજનો દ્વારા બાળકોને પારલે બિસ્કીટ પેકેટ તથા ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. એસ.એમ.સી. પ્રમુખબેન તરફથી બાળકોને ચોકલેટ વિતરણ કરાયું હતું. આચાર્યા હંસાબેન શુક્લએ પણ સૌને રાષ્ટ્રીય પર્વની શુભેચ્છા પાઠવી હતી.




### ● એમ.બી. પટેલ પ્રાથમિક શાળા

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા ગાંધીનગરના યજમાન પદે બાલમંદિર, પ્રાથમિક, માધ્યમિક શાળાઓનો સંયુક્ત સ્વાતંત્ર્ય દિન ઉજવાયો. મુખ્ય મહેમાન તરીકે હોસ્ટેલ સુપ્રિટેન્ડેન્ટ શ્રીમતી કૌશલ્યાબેન પરીખ ઉપસ્થિત રહ્યા હતા તેમના હસ્તે ધ્વજ ફરકાવ્યો હતો અને વિદ્યાર્થીનિઓને મોં મીઠુ કરાવ્યું હતું. તેમણે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીનિઓને પોતાના સ્વરક્ષણ અને દેશભક્તિમાં સ્ત્રીઓનાં યોગદાન વિશે મહત્વ સમજાવ્યું હતું. શાળાની વિદ્યાર્થિનીઓએ દેશભક્તિ ગીત અને નૃત્ય રજૂ કર્યા હતા. શાળાના આચાર્યા નીરૂબેન પટેલે આભારવિધિ કરી હતી.

### ● પ્રગતિ પ્રાથમિક શાળા

સર્વોદય ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત પ્રગતિ પ્રાથમિક શાળામાં આચાર્યા રાગિણીબેન શાહના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આચાર્યાએ પ્રાસંગિક પ્રવચન દ્વારા મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરી વંદન સાથે શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા. બાળકોએ અભિનય ગીત, રાષ્ટ્રીય નારાઓ રજૂ કર્યા હતા. સંસ્થાના સંચાલક કે.કે. શાહ અને આચાર્યા રાગિણીબેને બાળકોને આ પ્રસંગે રાષ્ટ્ર ભાવના અને દેશાભિમાન સાથે જીવન જીવવાની શીખ આપી હતી.

### ● પ્રાથમિક શાળા, સેક્ટર-૧૭

પ્રાથમિક શાળા, સેક્ટર-૧૭માં સ્વાતંત્ર્ય દિનની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સેક્ટર-૧૭ વસાહત મંડળના પ્રમુખ રજુજી ગોલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. બાળકો દ્વારા મનોરંજન કાર્યક્રમ અને દેશભક્તિ ગીતો રજૂ થયા હતા. રજુજી ગોલ દ્વારા બાળકોને બુંદીની વહેંચણી કરી હતી. આચાર્યા અને શિક્ષકો, વસાહતીઓએ સાથે રહી રાષ્ટ્રીય પર્વ મનાવ્યું હતું.

### ● રોટરી ક્લબ ઓફ ગાંધીનગર

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા તા. ૧૫મી ઓગષ્ટના રોજ કૈલાશધામ વૃદ્ધાશ્રમમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ પ્રકારના ગેમ્સ સાથે સાથે ધ્વજવંદન કરવામાં આવ્યો હતો. વૃદ્ધોએ કિરતન, ભજન અને કથા વારતાનો આનંદ લીધો હતો. કાર્યક્રમના અંતે સર્વે વૃદ્ધો માટે જમવાનું અને તેમની રોજીંદી જરૂરીયાતની વસ્તુઓની રોટરીયન મિત્રો દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું.

### ● નહેરુ યુવા કેન્દ્ર

સ્વાતંત્ર્ય દિન નિમિત્તે નહેરુ યુવા કેન્દ્ર અને આદર્શ નિવાસી શાળા, સેક્ટર-૩૦ દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ યોજાઈ ગયો. વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રીય એકતાના સૂત્રો, રેલી, દેશભક્તિ ગીતો યોજાયા હતા. યુથ કો-ઓર્ડિનેટર રજનીકાંત સુથાર દ્વારા ધ્વજવંદન યોજાયું. આ પ્રસંગે નહેરુ યુવા કેન્દ્રના સ્વયંસેવકો દ્વારા સાણોદા, કલોલ વગેરે ગામોમાં વૃક્ષારોપણ યોજાયું. આ પ્રસંગે પ્રણવ વૈદ્ય, કશ્યપ નિમાવત, મયૂર જોશી, યશ સુથાર, પૂજા શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### ● મધુર ડેરી

મધુર ડેરી ખાતે ધ્વજવંદનનાં કાર્યક્રમ પ્રસંગે રાષ્ટ્રભાવના




ધરાવતા મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ આર. રાણા તેમજ નિયામક મંડળના સર્વે સભ્યો તેમજ ઈન્ડીયન મેડીકલ એસોસીએશન ગાંધીનગરના પ્રમુખ ડૉ. અનિલભાઈ ચૌહાણે રાષ્ટ્રધ્વજ ફરકાવી, ધ્વજ વંદન અને રાષ્ટ્રવંદન કર્યા હતા. સંસ્થાના મેનેજીંગ ડિરેક્ટર રોહિત મહેતાએ નિયામક મંડળના સર્વે સભ્યોને આવકાર્યા હતા. સંસ્થાના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાએ સર્વે નિયામક મંડળના સભ્યો તેમજ મધુર ડેરીના મહેમાન બનેલ ડૉ. અનિલભાઈ ચૌહાણને આવકાર્યા હતા અને મધુર ડેરીનો આગામી વર્ષોમાં હજુ વધુ સારી રીતે વિકાસ કેવી રીતે કરવો તે બાબતે જણાવ્યું હતું. સર્વે નિયામક મંડળના સભ્યશ્રીઓ તથા સંસ્થાના સર્વે અધિકારી/કર્મચારી મીત્રોને સ્વાતંત્ર દિન નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી હતી.

સ્વાતંત્ર દિનની ઉજવણી બાદ મધુર ડેરીમાં ઈન્ડીયન મેડીકલ એસોસીએશન ગાંધીનગરના ડૉ. અનિલભાઈ ચૌહાણની આગેવાની હેઠળ એક નિઃશુલ્ક નિદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ નિઃશુલ્ક નિદાન કેમ્પમાં નિયામક મંડળના સર્વે સભ્યો તથા સંસ્થાના સર્વે અધિકારી/કર્મચારી મિત્રોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને સર્વેએ આનંદની લાગણી અનુભવી હતી.

અંતમાં સૌએ 'ભારત માતા કી જય, વંદે માતરમ્'ના ગગન ભેદી




નારા સાથે પરસ્પર આઝાદીની શુભેચ્છાઓ પાઠવી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરી હતી.

---

### આંખે દેખ્યું આંદામાન (પાના નં. ૪ નું ચાલુ)

અમે એ તરફ આગળ વધ્યાં ત્યાં ગાઇડ માછલીઓની જુદી જુદી જાતિ પ્રજાતિઓ, તેની વિશેષતાઓ અને ઉપયોગીતા અંગે વાતો કરતો હતો, તેણે અમને સુરમઇ, કોકરી, ફરસા અથવા તો બાંગડી જેવી માછલીઓ બતાવી એક્વેરીયમમાં ચંદા, પ્રાંસ, તારણી, ભાગુર, કેરાન અને લાબસ્ટર માછલીઓ પણ હતી. આ બધી માછલીઓ અહીંનાં સમુદ્રમાં બહોળા પ્રમાણમાં મળે છે. કુદરતે કેવા કેવા સમુદ્રી જીવો ઉત્પન્ન કર્યા છે તે જોઇને આશ્ચર્ય થયા વિના રહેતું નથી.

અમે એક્વેરીયમની બહાર આવ્યા ત્યારે મીનાએ કહ્યું, 'આમ જુઓ તો આ એક્વેરીયમ નાનું છે. આપણે બોમ્બે ગયેલા ત્યાં તો કેવડું મોટું હતું નહીં?'

'હાં પણ અહીં જે માછલીઓ જોવા મળી તે કંઇક અલગ હતી. આ એક્વેરીયમ તો જાણે કે આંદામાનના મત્સ્ય લોકનો અનેરો પરિચય આપે તેવું છે તેની સ્વચ્છતા અને જુદા જુદા વિભાગોમાં માછલીઓને પ્રદર્શિત કરવાની ખુબી આકર્ષણનું કેન્દ્ર છે.' મેં કહ્યું.

આકાશમાં વાદળો ઘેરાતાં હતા. દૂર સમુદ્રમાં મોજાનો ઘુઘવાટ સંભળાતો હતો. દિવસ આથમવા આવ્યો હતો. દૂર દૂર રેડીયો પર ગીત વાગતું સંભળાતું હતું. તેથી મેં ઉપેન્દ્રભાઇને પૂછ્યું.

'અહીં આકાશવાણી કેન્દ્ર ખરૂં?'

'હાં, કેમ નહીં આ ટાપુઓ માટે ભારત સરકારે ૨ જૂન ૧૯૬૩માં અહીં પોર્ટ બ્લેરમાં આકાશવાણી કેન્દ્રની સ્થાપના કરી હતી. તે પછી અને ૧૯૯૯માં અહીં દૂરદર્શનનું કેન્દ્ર પણ સ્થાપયું છે.' તેના દ્વારા અહીંના ટાપુઓની સંસ્કૃતિ, સંસ્કારો, લોક સાહિત્યને ઉજાગર કરવામં આ માધ્યમોનો ખૂબ મોટો ફાળો છે, અહીં હિન્દી, નિકોલાબીઝ, તામિલ, તેલુગુ, મલયાલમ, અંગ્રેજી અને બંગાળી ભાષામાં કાર્યક્રમો પ્રસારીત થાય છે.

'અહીં આ ટાપુઓ પર વિજળીની સુવિધા કઇ રીતે કરી હશે?' મીનાએ પૂછી નાખ્યું.

'બહેન અહીં જુદા જુદા ટાપુઓ પર વિદ્યુત પાવર પ્લાંન્ટ નંખાયેલા છે. પોર્ટ બ્લેરમાં ચાથમ પાવર હાઉસ છે. તે ઉપરાંત દિગલીપુરમાં હાઇડ્રો કલપોંગ પ્રોજેક્ટ ચાલે છે અને બામ્બુફ્લેટ ખાતે સુર્યચંદ્ર પાવર પ્લાન્ટ કાર્યરત છે.'

અમે હવે હોટલ તરફ પાછા ફરતા હતા. ત્યારે ઉપેન્દ્રભાઇએ અમને કામકાજ રોડ પર આવેલ પોલીસ ગ્રાઉન્ડ પણ બતાવ્યું. આપણે ત્યાં જે રીતે પતંગોત્સવ, રણોત્સવ, ઉજવાય છે તે રીતે અહીં પણ પ્રવાસીઓને આકર્ષવા માટે ડિસેમ્બર-જાન્યુઆરીમાં દર વર્ષે મોટો પ્રર્યટન ઉત્સવ ઉજવાય છે. તે ઉપરાંત અહીં એક ત્રિરંગા પાર્ક છે ત્યાં પણ જાહેર કાર્યક્રમો અને સભાઓ થતી હોય છે.

અમે હોટલ પર આવ્યા જમીને રૂમ પર આવી ટી.વી. ચાલું કર્યું તો ઉત્તરાખંડની હોનારતનાં દશ્યો જોઇને ચિંતા થવા લાગી. ત્યાં આભ ફાટ્યું હતું. વરસાદના કારણે ભેખડો ધસી પડતાં નદીઓમાં પુર આવતાં કેદારનાથના મંદિરની આસપાસની ધર્મશાળાઓ અને મકાનોની તબાહીનાં દૃશ્યો વિચલિત કરી નાંખે તેવાં હતા ભયંકર પુરથી ખુબ જ ખાનાખરાબી થઇ હોય તેમ લાગતું હતું. આ દૃશ્યો જોયા પછી મોડે સુધી ઊંઘ આવતી ન હતી. અહીં આંદામાનમાં પણ સને ૨૦૦૪માં સુનામી આવેલ તેની યાદ તાજી થઇ આવી. માંડ માંડ આંખ મીંચાઇ.

(ક્રમશઃ)